51

નં.૪૧/શતપ/પ્રવેશ/જ/૧૦/૨૫૦૭-૨૬૩૭
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧,ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. ૪/૫/૨૦૧૦

પ્રતિ,
પ્રાચાર્યશ્રી ,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, / તમામ

વિષયઃ- પી.ટી.સી.પ્રવેશ ૨૦૧૦ના ઓનલાઈન એપ્લીકેશન સ્વીકાર કેન્દ્રોના મોનેટેરીગ અને સુપરવીઝન બાબત.

ગત વર્ષે પી.ટી.સી. પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોના અરજીપત્રકો " ઓનલાઈન એપ્લીકેશન" થી મેળવવામાં આવેલ હતા જેમાં રાજયમાં ૧૦૩ જેટલા સ્વીકાર કેન્દ્રો રાખવામાં આવેલ હતા અને તે મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી આ સ્વીકાર કેન્દ્રોના કામગીરીનાં અમલીકરણ માટે આપને ગત વર્ષે મોનેટરીગ અને સુપરવિઝન સોપવામાં આવેલ હતુ . ચાલુ વર્ષે પણ સ્વીકાર કેન્દ્રોની કામગીરી અને તેને આનુસંગિક કામગીરી ના મોનીટરીગ માટે જિલ્લાના વડા તરીકે આપને જવાબદારી સોપવામાં આવે છે.

ચાલુ વર્ષે ઓનલાઈન એપ્લીકેશન મેળવવા સ્વીકાર કેન્દ્રોની માહિતીના પત્રક અ-બ-ક આ સાથે સામેલ છે. જે આપના જિલ્લામાં લાગુ પડતા કેન્દ્રોમાથી મેળવી આ કચેરીને મોકલી આપવાની રહેશે. સ્વીકાર કેન્દ્રો તરીકે અમૂક જિલ્લામાં ડાયેટને પણ રાખવામાં આવેલ છે. તે મુજબ સ્વીકાર કેન્દ્રોએ કરવાની થતી કામગીરી અંગેના માર્ગદર્શન તથા આપને માહિતી મોકલવાની સૂચના આપતો પત્ર તમામ સ્વીકાર કેન્દ્રોને મોકલી આપેલ છે. જેની નકલ આ લગત સામેલ છે.

સામાન્ય રીતે ધોરણ-૧૨ના પરિણામ બાદ તુરત જ વર્તમાનપત્રોમાં જાહેરાત આપી પ્રવેશ ઈચ્છુક અરજદારો પાસેથી અરજી મેળવવાની થાય છે તે મુજબ સ્વીકાર કેન્દ્રોને તાલીમબધ્ધ તૈયાર કરવા જરૂરી હોઈ ૧૫/૫/૨૦૧૦ સુધીમાં આ માહિતીની જરૂરીયાત હોઈ માહિતી એકત્ર કરી મોકલી આપવા વિનંતી છે.

આપના જિલ્લાના સ્વીકાર કેન્દ્રોની માહિતી આ લગત સામેલ છે.આવશ્યકતા અનુસાર સ્વીકાર કેન્દ્રમાં ફેરફાર વધારો આવકાર્ય છે.

(ડૉ. ભરત પંડિત )
નાયબ શિક્ષણ નિયામક,
ગુજરાત રાજય, ગાંધીનગર.

નકલ રવાના જાણ સારુ :-
આચાર્યશ્રી,
ઓનલાઈન એપ્લીકેશન સ્વીકાર કેન્દ્રો બીન સરકારી અધ્યાપન મંદિરો